**ક્રમાંક–૧**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**પાંચમું સત્ર**
**બુધવાર, તા. ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

(સભાગૃહની બેઠકની શરૂઆત "વંદેમાતરમ્" રાષ્ટ્રગીતની ધૂન બજાવી કરવામાં આવી.)

**૧. પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક–૩, ૫, ૧૬, ૨૬ અને ૪૪ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧૨–૫૫ વાગ્યે પૂરો થયો.

**૨. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના પૂર્વ રાજ્યપાલ સ્વ. ડૉ. કમલાજી બેનીવાલ, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી બિપીનભાઇ ઇશ્વરભાઇ શાહ તથા ગુજરાતના પૂર્વ સભ્યો સ્વ. શ્રી શિવભદ્રસિંહ કૃષ્ણકુમારસિંહજી ગોહિલ, સ્વ.શ્રી રત્નાભાઇ મનજીભાઇ ઠુંમર, સ્વ.શ્રી રામસિંહજી રૂપસિંહજી સોલંકી, સ્વ.શ્રી નંદકિશોર ત્રંબકલાલ દવે, સ્વ.શ્રી ખુરશીદહૈદર અબ્દુલમુત્તલીબ પીરઝાદા, સ્વ.શ્રી સામતભાઇ આલાભાઇ રાઠોડ અને સ્વ.શ્રી કરશનભાઇ દુલાભાઇ ઓડેદરાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડા, મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ, સભ્યશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી, સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, સભ્યશ્રી ધવલસિંહ ઝાલાએ પણ શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઊભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૩. માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

**શોકદર્શક ઉલ્લેખો દરમિયાન સભ્યશ્રીઓએ પોતાનું સ્થાન ન છોડવા અંગે**

જ્યારે શોકદર્શક ઉલ્લેખો ચાલતા હોય તે દરમિયાન માનનીય સભ્યશ્રીઓ પોતાની નૈતિક જવાબદારી રૂપે વિધાનસભાના નિયમો અને ગૃહની ગરિમા જાળવવાના ઉદેશથી અંદરોઅંદર વાતો કરી શકતા નથી તેમજ પોતાનું સ્થાન પણ છોડી શકતા નથી અને આ અંગેની જાણકારી તેમજ સૂચના પોતાના સભ્યશ્રીઓને આપવા અંગે બંને પક્ષના દંડકશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૪. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

**કપાસ અને મગફળીના પાકને થયેલ નુકસાન અંગે**

સભ્ય ડો. મહેન્દ્રભાઇ પાડલિયાએ નિયમ–૧૧૬ અન્વયે તાજેતરમાં પડેલ ભારે વરસાદના કારણે જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ વગેરે જિલ્લાઓમાં કપાસ અને મગફળીના પાકને થયેલ નુકસાનના કારણે ખેડૂતોમાં ફેલાયેલ ચિંતાની લાગણી દૂર કરવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ઉક્ત બાબતે કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**( વિરામ બપોરના ૨–૦૩થી ૩–૦૦ )**

**૫. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) સન ૨૦૨૪નો વટહુકમ ક્રમાંક–૧–સન ૨૦૨૪નો ગુજરાત કાયદા (જોગવાઇઓના સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૨) સન ૨૦૨૪નો વટહુકમ ક્રમાંક–૨–સન ૨૦૨૪નો ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ

બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૩) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૪) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય વન મંત્રીશ્રી મુળુભાઇ બેરા**

(૫) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૨૨–૨૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૬) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા. ૦૨/૦૩/૨૦૨૪નું જાહેરનામાં ક્રમાંક: ઘઇ/૨૦૨૪–૧૫/જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨)

**માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

**૬. અનુમતિ મળેલા વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવા**

ઇન્ચાર્જ સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવા સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક–૫, ૭, ૮ અને ૯ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**૭. સભ્યશ્રીઓના રાજીનામા અંગે (નિયમ–૨૬૯)**

માનનીય અધ્યક્ષશ્રીએ, ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, ૮૩–પોરબંદરએ તા.૪–૩–૨૦૨૪, સભ્યશ્રી અરવિંદભાઇ લાડાણી, ૮૫–માણાવદરએ તા. ૬–૩–૨૦૨૪, ગેનીબેન ઠાકોર, ૭–વાવએ તા. ૧૩–૬–૨૦૨૪ ના રોજ સભ્યપદેથી રાજીનામા મને આપેલ છે, જેનો મેં સ્વીકાર કરેલ છે અને સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા અને સભ્યશ્રી અરવિંદભાઇ લાડાણી પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના સભ્યપદેથી ચૂંટાઇને આવ્યા અંગેની જાહેરાત કરી.

**૮. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

(૧) માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

(૨) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી અભેસિંહ તડવીએ સમિતિનો પહેલો અહેવાલ રજૂ કર્યો.

**૯. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૧૦. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો સંકલ્પ (નિયમ–૧૨૦) (૯૦ મિનિટ)**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે તાજેતરની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ભારતના નાગરિકોએ શ્રી નરેન્દ્રભાઇ મોદીજીને ભારતના પ્રધાનમંત્રી તરીકે ત્રીજી વખત દેશનું સુકાન સોંપ્યું અને તેમના નેતૃત્વમાં ટીમ મોદી સરકારના ત્રીજા અમૃતકાળમાં ભારત અનેક નવી સિદ્ધિઓ હાંસલ કરશે અને વિકસિત ભારતના લક્ષ્ય તરફ ઊંચી ઉડાન ભરશે અને વર્ષ ૨૦૪૭માં ભારતને વિકસિત ભારત બનાવવા માટે વિકસિત ગુજરાતના સ્વપ્નને સાકાર કરવા પુનઃ એક વાર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને ત્રીજા યશસ્વી કાર્યકાળ માટે અભિનંદન પાઠવતો સંકલ્પ રજૂ કર્યો.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી

(૨) શ્રી અનિરુદ્ધ દવે

(૭) શ્રીમતી નિમિષાબેન સુથાર

(૮) શ્રી નરેશભાઇ પટેલ

(૩) શ્રી કેશાજી ચૌહાણ
(૪) શ્રી પૂર્ણેશ મોદી
(૫) શ્રી અમીત ચાવડા(કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)
(૬) શ્રી ઉદય કાનગડ
(૯) શ્રીમતી મનીષાબેન વકીલ
(૧૦) શ્રી જગદીશ વિશ્વકર્મા( રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી)
(૧૧) શ્રી ઋષિકેશ પટેલ(સંસદીય બાબતોના મંત્રીશ્રી)

**૧૧. સંકલ્પ પરની ચર્ચાનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે મુખ્યમંત્રીશ્રીનો સંકલ્પ પરનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા, કોંગ્રેસ પક્ષના દંડક ડો.કિરીટકુમાર ચી. પટેલે સમર્થન કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સંકલ્પ પરની ચર્ચાનો નિયત કરેલ સમય લંબાવ્યો. ( બપોરના ૪-૩૭ કલાકે)

**૧૨. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો સંકલ્પ (નિયમ-૧૨૦) (ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**૧૩. સરકારી વિધેયક**

માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૪નું ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું. (પ્રવચન ચાલુ)

**૧૪. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે મંત્રીશ્રીનો વિધેયક પરની ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા, કોંગ્રેસ પક્ષના દંડક ડો. કિરીટકુમાર ચી. પટેલે તેને સમર્થન કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની અનુમતિથી સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. (બપોરના ૪-૫૫)

**૧૫. સરકારી વિધેયક ( ક્રમશઃ)**

ત્યારબાદ હર્ષ સંઘવીએ તેમનું અધૂરું રહેલ મંતવ્ય પૂર્ણ કર્યા બાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી ડી.કે. સ્વામી
(૩) ડો. સી.જે. ચાવડા
(૪) ડો. કિરીટકુમાર ચી.પટેલ(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૫) શ્રી કેશુભાઇ પટેલ
(૬) શ્રી અમૃતજી ઠાકોર
(૭) શ્રી પ્રવીણકુમાર માળી
(૮) શ્રી કિરીટકુમાર કે. પટેલ

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨થી ૧૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨થી ૧૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતિ સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, ગુરુવાર તા. ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬-૨૮ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા.૨૧મી ઓગસ્ટ, ૨૦૨૪

ચેતન પંડ્યા
ઇન્ચાર્જ સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા

**ક્રમાંક–૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**પાંચમું સત્ર**
**ગુરુવાર, તા. ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

ટૂંકી મુદતની પ્રશ્નોત્તરીનો પ્રથમ પ્રશ્ન ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક–૮ પ્રભારી સભ્યશ્રી અરવિંદ રાણા મૂવ કરે તે પહેલા ગૃહમાં કોંગ્રેસ પક્ષના સભ્યો તરફથી દેખાવો શરૂ થયા.

**૨. દેખાવો અને સભાત્યાગ**

આજની પ્રશ્નોત્તરીના ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક–૮ની ચર્ચાની શરૂઆત થતા માનનીય કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડા દ્વારા અમારા કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીનો ટૂંકી મુદતનો પ્રશ્ન રદ કરવા સંબંધે અને અમારા પક્ષના સભ્યશ્રીઓના પ્રશ્નો દાખલ કરવામાં આવતા ન હોવા અંગેનો મુદ્દો ઉઠાવતા, માનનીય અધ્યક્ષશ્રીએ ટૂંકી મુદતમાં પ્રશ્નો વિધાનસભાના નિયમો પ્રમાણે માનનીય મંત્રીશ્રીની સંમતિ હોય તો જ દાખલ થઇ શકે છે તે રીતની નિયમોમાં જોગવાઇ હોવાનું જણાવ્યું.

ત્યારબાદ સભ્યશ્રી રમણલાલ વોરા, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમાર અને મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતએ પ્રશ્નો અંગેનાં પોતાના મંતવ્ય વ્યક્ત કર્યા.

આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા પોતાના સ્થાન ઉપર ઊભા થઇ, પ્લે–કાર્ડનું પ્રદર્શન કરતાં, ગૃહની ગરિમા જાળવવા અને સભાગૃહમાં આ રીતે પ્લે–કાર્ડનું પ્રદર્શન કરી દેખાવો કરી શકાતા નથી તેમ જણાવી, પ્લે–કાર્ડ બતાવી રહેલા સભ્યશ્રીઓ પાસેથી પ્લે–કાર્ડ લઇ લેવા માટે માનનીય અધ્યક્ષશ્રીએ સાર્જન્ટને આદેશ આપ્યો. માનનીય અધ્યક્ષશ્રીએ ટૂંકી મુદતના પ્રશ્નોની અંદર મંત્રીશ્રીએ જવાબ આપવો પડે આવો આગ્રહ નિયમ પ્રમાણે કરી શકાતો નથી તેમજ કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓના ટૂંકી મુદતના પ્રશ્નો પણ દાખલ કરવામાં આવેલ હોવાનું જણાવ્યું. ત્યારબાદ પણ કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સભાગૃહની કાર્યવાહીમાં સતત અવરોધ પહોંચાડવાનું ચાલુ રાખતા માનનીય અધ્યક્ષશ્રીએ કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને નિયમ–પર હેઠળ નેઇમ કર્યા. જેનાથી નારાજ થઇ કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

**૩. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે ટૂંકી મુદતના પ્રશ્નોની શરૂઆત થતા જ કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સભાગૃહમાં પ્લે–કાર્ડનું પ્રદર્શન દ્વારા દેખાવો કરી સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડી હોવાથી તત્સમયે ગૃહમાં હાજર રહેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ સમર્થન આપ્યું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

માનનીય અધ્યક્ષશ્રીએ કોંગ્રેસ પાર્ટીના સભાગૃહમાં હાજર રહેલા અને નેઇમ કરાયેલા તમામ સભ્યશ્રીઓને આજના દિવસની ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા.

**૪. પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક–૮ અને ૧૪ ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧૨–૫૩ વાગ્યે પૂરો થયો.

**૫. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ–૧૧૬) આણંદ જિલ્લાના ગોપાલપુરા ગામ પાસે આવેલી સત્યેન્દ્ર પેકેજિંગ કંપનીમાં આગ લાગવા અંગે–પ્રભારી સભ્યશ્રી અમીત ચાવડાને ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરેલ હોવાથી સૂચના હાથ ધરી શકાઇ નહીં.

**૬. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ,

ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૨) ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૩) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ

**માનનીય પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઇ બેરા**

(૪) ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૨૨–૨૩ના વાર્ષિક હિસાબો અને આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

(૫) સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે,

(ક) નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન રાજ્ય સરકારે જે તે સંસ્થા વતી આપેલ બાંહેધરીઓની વિગતો દર્શાવતું પત્રક–૧

(ખ) બાંહેધરી આપનારની રૂએ જે તે સંસ્થા વતી સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન ચૂકવેલ રકમની વિગતો દર્શાવતું પત્રક–૨

(ગ) બાંહેધરી આપનારની રૂએ જે તે સંસ્થા વતી સરકારે ચૂકવેલ રકમ પૈકી નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન જે તે સંસ્થાથી વસૂલ કરેલી વસૂલાતની વિગતો દર્શાવતું પત્રક–૩

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

**૭. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**સમિતિઓની ખાલી પડેલ બેઠકોની ચૂંટણી માટેના કાર્યક્રમ અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ જાહેર હિસાબ સમિતિમાં બે, અને પંચાયતી રાજ સમિતિમાં એક એમ કુલ ત્રણ ખાલી પડેલ જગ્યાઓ પર ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

**૮. વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત**

(૧) અંદાજ સમિતિના પ્રમુખ શ્રીમતી મનિષાબેન વકીલે સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો.

(૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી અલ્પેશ ઠાકોરે સમિતિનો પહેલો અહેવાલ રજૂ કર્યો.

(૩) જાહેર સાહસો માટેની માટેની સમિતિના પ્રમુખશ્રી ગણપતસિંહ વસાવાએ સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો.

**૯. વૈધાનિક પ્રસ્તાવ (નિયમ–૧૦૦) (૬૦ મિનિટ )**

**માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઇ બેરાનો પ્રસ્તાવ**

માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૫૨(૧)અન્વયેનો નીચે મુજબનો પ્રસ્તાવ વાંચીને રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

‘‘આ ગૃહ, સંસદ દ્વારા અધિનિયમિત કર્યા મુજબનો પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ, ૨૦૨૪ (સન ૨૦૨૪નો ક્રમાંક ૫મો) સંબંધિત સુધારા સાથે બહાલ રાખે છે.’’

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રીમતી સંગીતાબેન પાટીલ | (૫) શ્રી અમુલ ભટ્ટ |
| (૨) શ્રી મહેશ કસવાલા | (૬) શ્રી ઉમેશભાઇ મકવાણા |
| (૩) શ્રી અનિરુદ્ધ દવે | (૭) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા |
| (૪) શ્રી ચૈતન્ય દેસાઇ | (૮) શ્રી ચૈતરભાઇ વસાવા |

ચર્ચાનો જવાબ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ આપ્યો.

ત્યારબાદ વૈધાનિક પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો.

**( વિરામ બપોરના ૧–૫૬થી ૩–૦૦ )**

**૧૦. સરકારી વિધેયકો**

(૧) માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૪નું ગુજરાત માલ અને સેવા વેરા(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમુલ ભટ્ટ
(૨) શ્રી અનિરુદ્ધ દવે
(૩) ડો. મહેન્દ્રભાઇ પાડલિયા
(૪) શ્રી જગદીશભાઇ મકવાણા(નાયબ મુખ્ય દંડકશ્રી)
(૫) શ્રીમતી રિવાબા જાડેજા
(૬) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૭) શ્રી પ્રકાશભાઇ વરમોરા
(૮) શ્રી યોગેશ પટેલ
(૯) શ્રી કનૈયાલાલ કિશોરી

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યા.

**કલમવાર વાચન**

કલમ–૨થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કૌશિક વેકરીયા(નાયબ મુખ્ય દંડકશ્રી)
(૨) શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા
(૩) શ્રી હેમંતભાઇ આહિર
(૪) શ્રી પી.સી. બરંડા
(૫) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૬) ડો. પ્રદ્યુમન વાજા ( પ્રવચન અધૂરું)

**૧૧. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુક્લે મંત્રીશ્રીનો વિધેયક પરની ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા, આમ આદમી પાર્ટીના સભ્યશ્રી ઉમેશભાઇ મકવાણાએ તેને સમર્થન કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની અનુમતિથી સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. (સાંજના ૪–૫૮)

**૧૨. સરકારી વિધેયકો ( ક્રમશઃ)**

ત્યારબાદ સભ્ય ડો. પ્રદ્યુમન વાજાએ તેમનો અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, શુક્રવાર તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫–૧૩ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા.૨૨મી ઓગસ્ટ, ૨૦૨૪

ચેતન પંડ્યા
ઇન્ચાર્જ સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**પાંચમું સત્ર**
**શુક્રવાર, તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક–૪, ૨૮, ૩૯ અને ૬૩ ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક–૩૮ (સભ્યશ્રી સુખાજી ઠાકોર) ગેરહાજર હોવાથી અતારાંકિત ગણવામાં આવ્યો.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦–૫૪ વાગ્યે પૂરો થયો.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

**પોલીસ દ્વારા દરિયા કિનારેથી ડ્રગ્સ પકડવા અંગે**

સભ્યશ્રી ભરતભાઇ પટેલે નિયમ–૧૧૬ અન્વયે "ગુજરાત રાજ્યના કચ્છ, વલસાડ, નવસારી તથા અન્ય જિલ્લાઓના દરિયા કિનારેથી છેલ્લા ૧૫ દિવસમાં આશરે રૂ.૮૫૦ કરોડનું ડ્રગ્સ સઘન ચેકિંગ કરીને પોલીસ દ્વારા પકડેલ છે, જેના લીધે રાજ્યનું યુવાધન બરબાદ ન થાય તે માટે રાજ્ય સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

ઉક્ત બાબતે માનનીય રાજ્ય કક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું. (ક્રમશઃ)

**૩. સભ્યશ્રીને નિયમ–૫૧ હેઠળ ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવા અંગે**

તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય ગૃહ રાજ્ય મંત્રીશ્રી તેમના જવાબની શરૂઆતમાં ગૃહમાં થતી ચર્ચાને લાઇવ કરવા અંગે માનનીય અધ્યક્ષશ્રીને સૂચન કરી રહ્યા હતા તે દરમિયાન કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી જિજ્ઞેશ મેવાણી દ્વારા ગુસ્સામાં ઊભા થઇ અન્ય એક ઘટનાનો ઉલ્લેખ કરીને તે બાબતની ચર્ચા લાઇવ કરવા પડકાર ફેંકી વેલમાં આવી જતા આ તબક્કે શાસક પક્ષ અને વિરોધ પક્ષના સભ્યો પોતાના સ્થાન ઉપર ઊભા થતા, માનનીય અધ્યક્ષશ્રીએ સૌ સભ્યોને પોતાનું સ્થાન લેવા અને શાંતિ જાળવવાની વારંવાર વિનંતી કરી અને સભ્યશ્રી મેવાણીને પણ પોતાનું સ્થાન લેવા તથા નિયમોનું માન–સન્માન જાળવવા અને નિયમો વિરુદ્ધનું વર્તન ન કરવા વારંવારની અપીલ કરી, વિરોધપક્ષના અન્ય સભ્યોએ પોતાનું સ્થાન લેવા છતાં સભ્યશ્રી જિજ્ઞેશ મેવાણીએ પોતાનું સ્થાન ન લેતા માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહમાં વેલમાં આવેલ સભ્યશ્રી મેવાણીને નિયમ–૫૧ હેઠળ સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા અને તદનુસાર સભ્યશ્રીને માનપૂર્વક બહાર લઇ જવા માટે સાર્જન્ટને આદેશ કર્યો.

**૪. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)(ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**( વિરામ બપોરના ૧૨–૦૮થી ૧–૦૦ )**

**૫. જાહેર અગત્યની બાબત પર માનનીય મંત્રીશ્રીઓના નિવેદન (નિયમ–૪૪)**

(૧) **જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલનું નિવેદન**

માનનીય રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે જન્મજાત બહેરાશ ધરાવતા બાળકમાં એકમાત્ર સારવાર કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી વિનામૂલ્યે કર્યા બાદ આ કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી કરેલ બાળકોમાં કોક્લિયર મશીનનું એક્ષ્ટરનલ સાઉન્ડ પ્રોસેસર ખોવાઇ જવું, તૂટી જવું કે કામ કરતું બંધ પડી જવાના કિસ્સાઓ ધ્યાને આવતા, તેમજ વોરંટી પૂર્ણ થઇ ગયેલા કિસ્સાઓમાં પ્રોસેસર બદલવાની જરૂર જણાશે તો તેનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે તે અંગેના સરકારના નિર્ણયની જાહેરાત કરતું નિયમ–૪૪ હેઠળનું નિવેદન કર્યું.

(૨) **જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલનું નિવેદન**

માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે તાજેતરમાં જુલાઇ–૨૦૨૪ માસના બીજા પખવાડિયામાં કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદથી ખેતી તેમજ બાગાયતી પાકો અસરગ્રસ્ત થવાથી સરકારશ્રી દ્વારા કુલ અસરગ્રસ્ત વિસ્તારો માટે અંદાજિત કુલ રૂપિયા ૩૫૦/– કરોડની માતબર રકમ પાક નુકસાની પેટે સહાયના નિર્ણયની જાહેરાત કરતું નિયમ–૪૪ હેઠળનું નિવેદન કર્યું.

**૬. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલના સન ૨૦૨૨–૨૩ના વર્ષના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડીટ અહેવાલ (અંગ્રેજી અને ગુજરાતી)

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૨) દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૩) ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

(૪) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

(૫) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૬) ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૨૧–૨૨ તથા ૨૦૨૨–૨૩ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૭) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૮) કામધેનુ યુનિવર્સિટીના સન ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ના ઓડિટ અહેવાલ તથા સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

(૯) ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સન ૨૦૧૪–૧૫ થી ૨૦૧૬–૧૭ સુધીના વાર્ષિક વહીવટી અહેવાલ અને હિસાબો તેમજ આ અહેવાલ અને હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૧૦) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૧૧) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના સન ૨૦૨૦–૨૧ થી ૨૦૨૨–૨૩ સુધીના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૧૨) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૨૩–૨૪ના સુધારેલા અંદાજો અને ૨૦૨૪–૨૫ના અંદાજો તથા સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૧૩) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર**

(૧૪) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૨૨–૨૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ હિસાબો અને અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી શ્રી ઋષિકેશ પટેલ**

**૭. વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

(૧) ગૌણ વિધાન સમિતિના પ્રમુખ શ્રી અનિરુદ્ધ દવેએ સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કર્યો.

(૨) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ શ્રી અભેસિંહ તડવીએ સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

(૩) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી મનીષાબેન વકીલે સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

(૪) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી મહેશ કસવાલાએ સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

(૫) જાહેર હિસાબ સમિતિના પ્રમુખ શ્રી જિતેન્દ્રભાઇ વાધાણીએ સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

**૮. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશ કસવાલાનો પ્રસ્તાવ**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી મહેશ કસવાલાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૯. સરકારી વિધેયકો**

(૧) માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૪નું ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૩) શ્રી ચૈતન્યસિંહ ઝાલા
(૪) ડો. કિરીટકુમાર પટેલ ( કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ) ( પ્રવચન અધૂરું)

**૧૦. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે આજના દિવસના કામકાજની યાદી પરનું કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડો. કિરીટકુમાર ચી. પટેલે સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૨–૨૧)

**૧૧. સરકારી વિધેયકો ( ક્રમશઃ)**

ત્યારબાદ સભ્ય ડો. કિરીટકુમાર ચી. પટેલે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૫) શ્રી કનુભાઇ પટેલ (૬) શ્રી ઉમેશભાઇ મકવાણા

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને સ્વીકાર કરવામાં આવ્યા.

**કલમવાર વાચન**

કલમ–૨થી ૨૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨થી ૨૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરિયાએ સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો.કિરીટકુમાર ચી. પટેલ ( કોંગ્રેસ પક્ષના દંડકશ્રી) (૫) શ્રી કૌશિકભાઇ જૈન
(૨) શ્રી કેયુર રોકડિયા (૬) ડો. દર્શિતા શાહ
(૩) શ્રી અમિત શાહ (૭) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૪) શ્રી અમિત ચાવડા( કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરિયાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૨. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)**

**સભ્યશ્રી અમિત ચાવડાનો પ્રસ્તાવ ( ૬૦ મિનિટ)**

કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિત ચાવડાએ '' રાજ્યમાં દિન–પ્રતિદિન સામાજિક–આર્થિક અસમાનતા અને જાતિ આધારિત ભેદભાવ વધી રહ્યા હોવાથી રાજ્યમાં જાતિ આધારિત વસ્તી ગણતરી વગર સંશાધનોનું ન્યાયિક/સમાન વિતરણ શકય ન હોવાથી અને નામદાર સુપ્રીમ કોર્ટે પણ રાજ્યોને અન્ય પછાત વર્ગોની ગણતરી કરવા ભલામણ કરેલ છે અને Collection of Statistics Act-2008 મુજબ રાજ્ય સરકારને જરૂરી ગણતરી કરી આંકડા એકઠા કરવાની સત્તા હોઇ રાજ્ય સરકાર સત્વરે સામાજિક–આર્થિક ગણતરી કરાવે તે અંગે આ સભાગૃહમાં ચર્ચા–વિચારણા કરવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

**૧૩. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સુપ્રીમકોર્ટના ચુકાદાના અર્થઘટન અંગે**

સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાના છેલ્લા દિવસના પ્રસ્તાવ અંગે નામદાર સુપ્રીમકોર્ટનું જે ક્વોટેશન ટાંકીને વાત કરેલ છે જે તદન વિરુદ્ધનું હોવાનું એટલે કે સુપ્રીમકોર્ટે એમ્પિરિકલ ડેટા મેળવવાનો આદેશ કરેલ હોવા અંગેનું જણાવી આ અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દાના અનુસંધાનમાં આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે વિધાનસભાના નિયમોના નિયમમાં ૧૧મી આવૃત્તિના પાના નં. ૩૮ ઉપર નિયમ–૯૭(૧) ની જોગવાઇ તરફ માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન ધ્યાન દોર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, નિયમ– ૯૭(૧) ની જોગવાઇ પહેલા ન હોવા અંગે જણાવ્યું. ત્યારબાદ નિયમ–૧૦૨ના પેટા નિયમ ૭ મુજબ નિયમ ૧૦૨ હેઠળના પ્રસ્તાવ ગૃહના મત માટે મુકવાની જરૂર નથી,

જેથી આવા પ્રસ્તાવમાં સુધારો સૂચવવાની પરવાનગી આપવી નિરર્થક હોવા અંગેનું જણાવી છેલ્લા દિવસના પ્રસ્તાવમાં સુધારો કરી શકાશે નહિ તેમ નિયમો માટેની સમિતિએ ઠરાવેલ હોઇ હાલના પ્રસ્તાવમાં સુધારો ન થઇ શકે તેમ જણાવ્યું. સભ્યશ્રી મોઢવાડિયાએ પોતે રજૂ કરેલ બાબત ગૃહનું ધ્યાન દોરવા પૂરતું બરાબર છે તેમ જણાવ્યું. તદનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી તેમ જણાવી આ બાબતને હકારાત્મક લઇ ચર્ચા કરવા ઠરાવ્યું.

**૧૪. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી રમણલાલ વોરા
(૨) શ્રી નરેશભાઇ પટેલ
(૩) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૪) શ્રી ઋષિકેશ પટેલ (સંસદીય બાબતોના મંત્રીશ્રી) (પ્રવચન અધૂરું)

**૧૫. પ્રસ્તાવ પરની ચર્ચાનો સમય વધારવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે આજના પ્રસ્તાવ પરની ચર્ચામાં માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી ૫ મિનિટનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડો. કિરીટકુમાર ચી. પટેલે સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર પ્રસ્તાવ પરની ચર્ચાનો નિયત કરેલ સમય લંબાવ્યો. ( સાંજના ૫–૫૭)

**૧૬. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)(ક્રમશઃ)**

ત્યારબાદ મંત્રીશ્રી ઋષિકેશ પટેલે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

છેલ્લા દિવસના પ્રસ્તાવ પરની ચર્ચા પૂરી થઇ.

**૧૭. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો (નિયમ–૮૭–ક)**

ઇન્ચાર્જ સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે ૮૭ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

**૧૮. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના ૬–૦૨ કલાકે વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

ત્યારબાદ ''વંદેમાતરમ્'' રાષ્ટ્રીય ગીતની ધૂન વગાડવામાં આવી.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪

ચેતન પંડ્યા
ઇન્ચાર્જ સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા.